22-04-2024 Evening: 7.50 to 8.00

Monday National News

- ➢ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પદ્મ પુરસ્કાર એનાયત કરાયા....
- ➢ લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ખેંચવાનો આજે અંતિમ દિવસ હતો....10 રાજ્યો, 2 કેન્દ્ર શાસિત પ્રદેશોની કુલ 94 બેઠકો માટે 7 મેના રોજ થશે મતદાન...
- ➢ ગુજરાતની લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર..
- ➢ લોકસભા ચૂંટણીના માટે પ્રચાર અભિયાન તેજ- ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ અલિગઢમાં તો બુલંદ શહેરમાં બસપા અધ્યક્ષ માયાવતીએ કર્યો ચૂંટણી પ્રચાર..
- ➢ હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસોમાં દેશના પૂર્વીય ભાગોમાં ભીષણ ગરમીની ચેતવણી....ચૂંટણી પંચે ગરમીને કારણે મતદાન પર અસરની સંભાવનાને જોતા કરી બેઠક.....

**********************************

PADMA- FINAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં પદ્મ પુરસ્કાર એનાયત કર્યા હતા.. શ્રીમતી મુર્મુએ પૂર્વ ઉપ-રાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ તથા ભારતનાટ્યમ નૃત્યાંગના ડૉક્ટર પદ્મા સુબ્રમણ્યમને પદ્મ વિભૂષણ પ્રદાન કર્યું. ડૉક્ટર બિન્દેશવર પાઠકને મરણોપરાંત પદ્મ વિભૂષણ અર્પણ કરાયું. ઉપરાંત અભિનેતા મિથુન ચક્રવર્તી અને ગાયિકા ઉષા ઉથુપને પદ્મ ભૂષણથી સમ્માનિત કરાયા હતા. સમાજ સેવી ડૉક્ટર સીતારામ જિંદલ, તેમજ ઉત્તર પ્રદેશના પૂર્વ રાજ્યપાલ રામ નાઈકને પણ પદ્મ ભૂષણથી સમ્માનિત કરવામાં આવ્યા.

ગુજરાતમાંથી હૃદય રોગ નિષ્ણાત ડૉક્ટર તેજસ પટેલને પદ્મભૂષણ, યઝદી માનેકશા ઈટાલિયાને દવા ક્ષેત્રે તેમજ, કલા ક્ષેત્રે પ્રદાન બદલ જગદીશ ત્રિવેદીને પદ્મ શ્રી પુરસ્કારથી સમ્માનિત કરાયા હતા.

આ પ્રસંગે આકાશવાણી અમદાવાદ સાથે વાત કરતા જગદીશ ત્રિવેદીએ આ પ્રતિભાવ આપ્યો...

**********************************

## ELECTION 3RD PHASE

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ હતો. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 94 લોકસભા બેઠકો માટે 7મી મેના મતદાન થશે. આ તબક્કામાં ગુજરાતની 25 લોકસભા બેઠકો, કર્ણાટકની 14, મહારાષ્ટ્રની 11 અને ઉત્તરપ્રદેશની 10 બેઠકો પર મતદાન થશે. આ ઉપરાંત મધ્યપ્રદેશની આઠ બેઠકો, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો, ગોવા, દાદરા નગર હવેલી અને દીવ-દમણમાં બે-બે બેઠકો તેમજ જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર આ તબક્કામાં મતદાન થશે.

***********************************

## GUJARAT - ELECTION- PICTURE

ગુજરાતની લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે.

આજે બપોરે ત્રણ વાગે ઉમેદવારીપત્રકો પરત ખેંચવાની કામગીરી પૂર્ણ થતાં જ ગુજરાતનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે. અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૬ ઉમેદવારો, અમદાવાદ પૂર્વ બેઠક પર હાલ ૧૮ઉમેદવારો, સુરેન્દ્રનગર બેઠક પરથી 6 ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પરત ખેંચતા 14 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે.

વલસાડ લોકસભા બેઠક પરથી સાત ઉમેદવારો, રાજકોટ બેઠક પરનવ, છોટાઉદેપુર બેઠક પર 6, પાટણ બેઠક પર 10, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી બેઠક પરથી પાંચ, નવસારી-જામનગર અને સાબરકાંઠા 14-14, ભરૂચમાં 13, કચ્છ લોકસભા બેઠક પર 11 ઉમેદવારો, ભાવનગરમાં ૧૩ ઉમેદવારો, દમણ-દીવ લોકસભા બેઠક પર 7 ઉમેદવારો, ચુંટણી મેદાનમાં રહ્યા છે.

***********************************

## Gujarat-BJP-Unopposed-Election

ગુજરાતની સુરત લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર મૂકેશ દલાલ બિનહરિફ જાહેર થયા છે. ઉમેદવારી પત્ર ખેંચવાના અંતિમ દિવસે ત્રણ વાગ્યા સુધીમાં સુરતના તમામ અપક્ષ અને બસપા સહિતના ઉમેદવારોએ ઉમેરવારી પત્ર પરત ખેંચ્યાં હતા. અમારા સુરતના પ્રતિનિધિ રીતુ દરબારના જણાવ્યા અનુસાર, સુરતના ચૂંટણી અધિકારીએ તેમને જીતનું પ્રમાણ પત્ર સોંપ્યું.

***********************************

## ELECTION 2RD PHASE

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાન પૂર્ણ થવાને બે દિવસ બાકી છે. દરમિયાન તમામ રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. બીજા તબક્કામાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની 8, મધ્ય પ્રદેશની 7, અસમ અને બિહારની 5, પશ્ચિમ બંગાળ તેમજ છત્તીસગઢની ત્રણ...જ્યારે કે ત્રિપુરા, જમ્મૂ-કાશ્મીરની એક એક બેઠક માટે આ શુક્રવારે મતદાન થશે.

***********************************

## UP- POLL CAMPAIGN

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી મોદીએ આજે ઉત્તરપ્રદેશના અલિગઢમાં સંભા સંબોધી હતી.

કોંગ્રેસ તેના ગઠબંધન સહયોગીઓની ટીકા કરતા શ્રી મોદીએ કહ્યું કે તેમની માનસિકતા કમ્યુનિસ્ટ છે, તેમના ચૂંટણી ઢંઢેરા પ્રમાણે લોકોની સંપત્તિનો સર્વે કરાશે, જેમાં પૈતૃક સંપત્તિને પણ નહીં છોડાય. આ તરફ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અલિગઢ તેમજ ફતેપુર સિક્રીમાં સભાઓ ગજવી હતી.

તો બુલંદ શહેરમાં ચૂંટણી પ્રચાર કરતા બહુજન સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ ભાજપ સામે પ્રહારો કર્યા.

બીજી તરફ ઉત્તરપ્રદેશના કોંગ્રેસ પ્રભારી અવિનાશ પાંડેએ મથુરા અને ફતેપુર સિક્રીમાં કાર્યકર્તાઓ સાથે બેઠક કરીને ઘર ઘર ચૂંટણી સંપર્ક કર્યો હતો.

***********************************

## CHHATTISGARH- AMIT SHAH-NADDA RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે, દેશમાં આજે નક્સલવાદ ખતમ થવાને આરે છે. છત્તીસગઢના કંકિર શહેરમાં ચૂંટણી સભાને સંબોધતા તેમણે વિશ્વાસ અપાવ્યો કે, જો પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં ફરી ભાજપની સરકાર બનશે તો આગામી બે વર્ષોમાં છત્તીસગઢમાંથી નક્સલવાદનો સફાયો કરી દેવાશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ પણ છત્તીસગઢમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

***********************************

## SP- KANNAUJ

સમાજવાદી પાર્ટીએ ઉત્તરપ્રદેશની લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે. પાર્ટીએ તેજ પ્રતાપ યાદવને કન્નૌજથી ઉમેદવાર જાહેર કર્યા છે. આ ઉપરાંત પાર્ટીએ બલિયા બેઠક પરથી સનાતન પાંડેને ટિકિટ આપી હતી.

અગાઉ એવી ચર્ચા હતી કે, સપા અધ્યક્ષ અખિલેશ યાદવ કન્નૌજ બેઠક પરથી ચૂંટણી લડશે. 1998થી 2004 સુધી સતત સમાજવાદી પાર્ટીના ઉમેદવાર આ બેઠક પરથી જીતી રહ્યા છે. 2019માં લોકસભા ચૂંટણીમાં સપા અધ્યક્ષ અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવ આ બેઠક પર ભાજપના સુબ્રત પાઠક સામે હારી ગયા હતા.

***********************************

## MAHA-NCP – MANIFESTO

નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી- NCPના પ્રમુખ અજીત પવારે આજે લોકસભા ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો, જેમાં મહારાષ્ટ્રને ટ્રિલિયન ડૉલર ઈકોનોમી બનાવવાનું વચન આપ્યું છે.

પત્રકારોને સંબોધતા અજીત પવારે કહ્યું કે, 'राष्ट्रासाठी राष्ट्रवादी' થીમ આધારિત આ ચૂંટણી ઢંઢેરો પાંચ મુખ્ય સિંદ્ધાંતો– આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, પર્યાવરણ અને રોજગાર પર આધારિત છે. જેમાં ખેડૂતો માટે લઘુત્તમ ટેકાના ભાવ, કૃષિ વીમા યોજના, ઉપરાંત પરંપરાગત વીજળી સ્રોતોને સૌર તેમજ જળ વિદ્યુત ઊર્જા પર સ્થળાંતરિત કરવાનું વચન અપાયું છે. NCPના ચૂંટણી ઢંઢેરામાં વરિષ્ઠ નાગરિકો માટે 'સિલ્વર ઈકોનોમી' શબ્દનો પ્રયોગ કરાયો છે, પાર્ટીએ વરિષ્ઠ નાગરિકો માટે રેલવે અને મેટ્રોમાં 50 ટકા ડિસ્કાઉન્ટનું વચન આપ્યું છે.

***********************************

## IPL - MATCH

અને આજે IPL ક્રિકેટ મેચમાં રાજસ્થાન રોયલ્ય અને મુંબઈ ઇન્ડિયન્સ મુકાબલો ચાલી રહ્યો છે.

જયપુરના સ્વામી માનસિંહ સ્ટેડિયમમાં રમાઈ રહેલી આ મેચ દરમિયાન મુંબઈએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો...

***********************************

## MANIPUR- RE-POLL

આ તરફ મણિપુરમાં આંતરિક મણિપુર સંસદીય વિસ્તારના 11 મતદાન કેન્દ્ર પર પુનઃ મતદાન થયું હતું. સવારે સાત વાગ્યેથી સાંજે પાંચ વાગ્યા સુધીમાં કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન પૂર્ણ થયું હતું. પુનઃ મતદાનમાં ત્રણ વાગ્યા સુધીમાં 73.05 ટકા મતદાન થયું. 19 એપ્રિલે મતદાન દરમિયાન હિંસાને કારણે ઈમ્ફાલના સાત અને ઈમ્ફાલ પશ્ચિમના ચાર મતદાન કેન્દ્રો પર પુનઃ મતદાન થયું હતું.

## RAJNATH-SIACHEN

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે વિશ્વના સૌથી ઉંચા શિખર સિયાચીનની મુલાકાત લઈ સુરક્ષા સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. અહીં તેમણે તૈનાત જવાનો સાથે તીવ્ર હવામાન અને પ્રતિકૂળ પરિસ્થિતીઓ વિશે ચર્ચા કરી હતી.

શ્રી રાજનાથસિંહે જવાનોને સંબોધતા વિષમ પરિસ્થિતિઓમાં વીરતા અને દૃઢ સંકલ્પ સાથે માતૃભૂમિની રક્ષા માટે તેમના યોગદાનને બિરદાવ્યું. તેમણે કહ્યું કે રાષ્ટ્ર સશસ્ત્ર બળના જવાનોનું હંમેશા ઋણી રહશે, કારણ કે તેમના બલિદાનને કારણે દેશનો પ્રત્યેક નાગરિક સુરક્ષિત અનુભવે છે. વધુમાં તેમણે કહ્યું કે જવાનોનું યોગદાન આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે.

સિયાચીનને ભારતની સંપ્રભુતા અને દૃઢ સંકલ્પનુ પ્રતીક ગણાવતા સંરક્ષણમંત્રીએ કહ્યું કે આ સ્થળ સાહસ, ધૈર્ય અને દૃઢ સંકલ્પનું પ્રતિક છે. તેમણે આ પ્રસંગે ઓપરેશન મેઘદૂતની સફળતાનું સ્મરણ કરતા તેને દેશના લશ્કરી ઈતિહાસનું સ્વર્ણિમ અધ્યાય ગણાવ્યું. આ પ્રસંગે ભૂમિદળના વડા જનરલ મનોજ પાંડે અને સેનાના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

***********************************

## ECI – HEATWAVE

દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા વધુ ગરમી તેમજ લૂની સ્થિતિને જોતા ચૂંટણી પંચે વિવિધ પક્ષો સાથે બેઠક કરી હતી. બેઠકમાં ગરમીને કારણે ઉભા થનારા જોખમને દૂર કરવા માટેના ઉપાયો પર ચર્ચા કરવામાં આવી. બેઠકમાં હવામાન વિભાગ, રાષ્ટ્રીય આફત નિવારણ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ભારતીય હવામાન વિભાગ અનુસાર આગામી કેટલાક દિવસોમાં દેશના પૂર્વીય ભાગોમાં લૂનો પ્રકોપ યથાવત રહેશે. આગામી ચાર દિવસોમાં ઉત્તર પ્રદેશ, બિહારના પૂર્વીય ભાગ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા તેમજ દેશના અન્ય કેટલાક ભાગોમાં તીવ્ર ગરમી અને લૂની સ્થિતિ રહેવાની સંભાવના છે.